પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૪ | ૨૬ માર્ચ, ૨૦૧૯, મંગળવાર; ફાગણ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગરીબોને મહિને ૬ હજારનું કોંગ્રેસનું વચન

**૨૦ ટકા સૌથી ગરીબ પરિવારને વર્ષમાં ૭૨૦૦૦ રૂપિયા અપાશે : ચૂંટણી માહોલમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની મોટી જાહેરાત : ગરીબીને દેશમાંથી દૂર કરવાની ખાતરી આપી : સ્કીમ હેઠળ દરેક ગરીબની ઇન્કમ ૧૨,૦૦૦ રૂપિયા રહે તેવી ખાતરી કરાશે : ૨૫ કરોડ લોકોને ફાયદો**



નવીદિલ્હી, તા. ૨૫

લોકસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત થયા બાદથી દરેક રાજકીય પક્ષો માહોલને પોતપોતાની તરફેણમાં કરવા એક પછી એક વચનો આપી રહ્યા છે. હવે ચૂંટણી માહોલ વચ્ચે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ દેશમાંથી ગરીબીને દૂર કરવા માટે સંકલ્પ લેતા મોટી જાહેરાત કરી હતી. રાહુલે જાહેરાત કરી હતી કે, જો કોંગ્રેસની સરકાર બનશે તો દેશના ૨૦ ટકા સૌથી ગરીબ પરિવારોને દર વર્ષે ૭૨૦૦૦ રૂપિયા આપવામાં આવશે. પોતાના દાદી ઈન્દિરા ગાંધીના ગરીબી હટાવો નારાની દિશામાં આગળ વધીને વધીને રાહુલે દાવો કર્યો હતો કે, અમે દેશમાંથી ગરીબીને દૂર કરવા માટે ઈચ્છુક છીએ. રાહુલે કહ્યું તું કે, લઘુત્તમ આવકની આ યોજના તબક્કાવારરીતે અમલી કરવામાં આવશે. ગરીબોના બેંક ખાતામાં સીધીરીતે પૈસા ઉમેરવામાં આવશે. કોંગ્રેસની આ યોજનાને મનરેગા પાર્ટ-૨ તરીકે ગણવામાં આવે છે. ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર પ્રહાર કરતા રાહુલે કહ્યું હતું કે, પાંચ વર્ષમાં પ્રજાને ખુબ તકલીફ થઈ છે. આવી સ્થિતિમાં કોંગ્રેસે નિર્ણય કર્યો છે કે, અમે

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસની જાહેરાત એકદમ હાસ્યાસ્પદ : ભાજપ

નવીદિલ્હી, તા. ૨૫

રાહુલ ગાંધી દ્વારા ગરીબ પરિવારોના ખાતામાં ૭૨૦૦૦ રૂપિયા જમા કરવાની જાહેરાતને લઈને જુદી જુદી પ્રતિક્રિયાઓ આવી રહી છે. ભારતીય જનતા પાર્ટી અને દેશના કેટલાક લોકોએ આને હાસ્યાસ્પદ તરીકે ગણાવીને ઝાટકણી કાઢી છે. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ લોકોનું કહેવું છે કે, દેશમાં મોટાભાગે કોંગ્રેસનું શાસન રહ્યું છે. ઈન્દિરા ગાંધીએ પણ ગરીબી હટાવો માટેની જાહેરાત કરી હતી પરંતુ સ્વતંત્રતાના આટલા વર્ષો બાદ પણ કોંગ્રેસ પાર્ટીને સફળતા મળી ન હતી. આડેધડ વચનો આપવાની કોંગ્રેસની પરંપરા રહી છે. ભાજપના વરિષ્ઠ નેતાઓએ કોંગ્રેસની આ જાહેરાતને સ્પષ્ટપણે ફગાવી દઈને તેને હાસ્યાસ્પદ ગણાવી છે. ભાજપના રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી રામ માધવે કહ્યું છે કે, જ્યારે કોઈ વ્યક્તિને તેમની હાર સ્પષ્ટ દેખાઈ આવે છે ત્યારે આ પ્રકારના વચનો આપી શકાય છે. રામમાધવે કહ્યું હતું કે, હાર નિહાળી ચુકેલા લોકો ચંદ્રનું વચન પણ આપી શકે છે. આ પ્રકારના વચનને ગંભીરતાથી કોણ લોકો લેશે. જુદી જુદી સ્કીમો પહેલાથી જ ચાલી રહી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ગરીબીની રેખાનીચે રહેલા ભારતીયોની સંખ્યા ઉલ્લેખનીયરીતે ઘટી રહી છે. વસતીના પાંચ ટકાથી પણ વધુ ઘટી ગઈ છે.

## પ્રિયંકા ગાંધીની હવે ટ્રેનયાત્રા

ન્યુ દિલ્હી,તા.૨૫

કોંગ્રેસ મહાસચિવ અને પૂર્વી ઉત્તરપ્રદેશના પ્રભારી પ્રિયંકા ગાંધી વાડ્રા બોટયાત્રા બાદ હવે રેલયાત્રા દ્વારા લોકોનો સંપર્ક કરશે. પ્રિયંકા ગાંધી ૨૭ માર્ચે દિલ્હીથી ફૈઝાબાદ વચ્ચે ટ્રેન યાત્રા કરશે. આ યાત્રામાં વચ્ચે આવનારી તમામ બેઠકો પરના લોકો સાથે તેઓ વાતચીત કરશે. અગાઉ મતદારોના સંપર્ક માટે પ્રિયંકા ગાંધીએ પ્રયાગરાજથી વારાણસી સુધી નૌકાયાત્રા કરી હતી.

# સરહદ પર પાકિસ્તાને ચીની મિસાઈલો ગોઠવી

**ત્રાસવાદી કેમ્પો પર ભારતના હુમલા બાદ પાકિસ્તાન ફફડ્યુ : પાંચ એલવાય -૮૦ અને આઇબીઆઇએસ-૧૫૦ રડારને તૈનાત કર્યા હોવાના હેવાલ : ઇસ્લાબાદમાં ડ્રોન તૈનાત કરાયા : પાકિસ્તાને સરહદે સુરક્ષા વધારી**

નવી દિલ્હી, તા. ૨૫

પાકિસ્તાનમાં ઘુસીને ત્રાસવાદી કેમ્પો પર ભારતે હવાઈ હુમલા કર્યા બાદ પાકિસ્તાન જોરદાર રીતે ભયભીત છે. હચમચી ઉઠેલા પાકિસ્તાને હવે બાલાકોટમાં એર સ્ટ્રાઈકથી ડરી ગયા બાદ સરહદ પર ચીની મિસાઈલો ગોઠવી દીધી હોવાના હેવાલ મળ્યા છે. ગુપ્તચર હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે પાકિસ્તાને ઈસ્લામાબાદમાં પણ રેનબો સીએચ-૪ અને સીએચ-૫ ડ્રોન તૈનાત કરી દીધા છે. પાકિસ્તાને પાંચ એલવાય-૮૦ અને આઈબીઆઈએસ-૧૫૦ રડાર તૈનાત કરી દીધા છે. ભારત દ્વારા પાકિસ્તાનમાં ઘુસીને જોરદાર વાઈ હુમલા ત્રાસવાદી કેમ્પો પર કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન હવે ભયભીત છે. તે જોખમ લેવા તૈયાર નથી. સરહદ પર સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. પ્રાપ્ત માહિતી મુજબ પાકિસ્તાને કેટલાક શહેરો અને સૈન્ય સ્થળોની આસપાસ સુરક્ષા વ્યવસ્થા મજબુત કરી દીધી છે. આ તમામ સ્થળ પર મધ્યમ અંતર સુધી માર કરવામાં સક્ષમ એવી ચીની મિસાઈલો ગોઠવી દીધી છે. નવેસરના હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે પાકિસ્તાને સરહદ પર હવાથી હવામાં ત્રાટકી શકે તે પ્રકારની પાંચ એલવાય-૮૦

● અનુસંધાન પાન-૭ પર

## ઈસરો એસિમૈટ સેટેલાઈટ લોન્ચ કરશે

ન્યુ દિલ્હી,તા.૨૫

ભારત એક એપ્રિલનાં રોજ રક્ષા અનુસંધાન વિકાસ સંગઠન માટે ઈલેક્ટ્રોનિક ઈન્ટેલિજેંસ સેટેલાઈટ લોન્ચ કરવા જઈ રહેલ છે. ભારતીય અંતરિક્ષ સંગઠન (ઈસરો)એ રોજ જણાવ્યું કે, 'આ સેટેલાઈટ સાથે ૨૮ થર્ડ પાર્ટી સેટેલાઈટને પણ લોન્ચ કરવામાં આવશે. આ પ્રથમ વાર હશે કે જ્યારે પીએસએલવીથી પૃથ્વીથી ત્રણ કક્ષાઓમાં સેટેલાઈટ્સને પ્રક્ષેપિત કરવામાં આવશે.

## ન્યુઝ ટ્રેક

### શારદા પીઠ કોરીડોરને પાકિસ્તાનની મંજૂરી

પાકિસ્તાને શારદા પીઠ કોરીડોર ખોલવાની મંજૂરી આપતા કાશ્મીરી પંડિતોમાં ખુશીની લહેર દોડી ગઈ છે. આ એક મહત્વપૂર્ણ મંદિર છે. જે પીઓકેમાં સ્થિત છે. શારદાપીઠ મંદિર પાંચ હજાર વર્ષ પુરાણું મંદિર છે. જે મહારાજા અશોકે બંધાવ્યું હતું.

### કમલ હાસનો મમતા બેનર્જી સાથે મુલાકાત કરી

લોકસભા ચૂંટણી ૨૦૧૯ નજીક આવતા જ રાજકીય ચહલપહલ વધી ગઈ છે. જાણીતા અભિનેતા કમલ હાસને પં. બંગાળમાં મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથે મુલાકાત યોજી હતી. મુલાકાતના કારણે અનેક પ્રકારના તર્ક વિતર્કો થઈ રહ્યા છે.

### ચિનૂક હેલીકોપ્ટર વાયુસેનામાં સામેલ

ભારતીય વાયુસેનાની શકિતઓમાં વધારો થઈ રહ્યો છે. લગભગ એક મહિના અગાઉ ભારત આવેલા 'ચિનૂક' હેલીકોપ્ટર વિધિવત રીતે વાયુસેનામાં સામેલ થઈ રહ્યા છે. ચિનૂક હેલીકોપ્ટર અમેરકાની કંપની બોઈંગે બનાવ્યા છે.

### કેલીફોર્નિયાની મસ્જીદમાં આગ


અમેરિકાના દક્ષિણ કેલિફોર્નિયાની એક મસ્જીદમાં શંકાસ્પદ આગ લાગવાની ઘટના બની છે. ઘટના સ્થળેથી ન્યુઝીલેન્ડમાં થયેલા આતંકી હુમલાના ઉલ્લેખવાળો એક પત્ર મળી આવ્યો છે. આ ઘટનામાં કોઈ ઘાયલ થયું હોય તેવા સમાચારો મળ્યા નથી.

### ત્રણ જૈશના આતંકીઓની ધરપકડ

સુરક્ષા દળોએ જમ્મુ-કાશ્મીરના શ્રીનગર હાઈવેથી ત્રણ જૈશ સ્થિત આતંકવાદીઓની ધરપકડ કરી છે. સુરક્ષા દળોએ આતંકવાદીઓ પાસેથી વિશાળ માત્રામાં હથિયારો અને દારૂગોળો જપ્ત કરી લીધો છે. ધરપકડ કરાયેલા આતંકવાદીઓને શહીદ ભટ્ટ, રઈસ હુરાઈ, ઈશાક લોન તરીકે ઓળખવામાં આવ્યા છે.

# શેરબજારમાં મંદી : સેંસેક્સ ૩૫૬ પોઈન્ટ ગગડ્યો

**અમેરિકામાં મંદીના વાદળો ઘેરાતા શેરબજાર પર પણ અસર : મંદીને લઇ વૈશ્વિક શેરબજારોમાં ભય ફેલાતા કારોબાર શરૂ થતાં વેચવાલીનું મોજુ : મિડકેપ તેમજ સ્મોલકેપ ઇન્ડેક્સમાં પણ ઉલ્લેખનીય ઘટાડો નોંધાયો**



મુંબઈ, તા. ૨૫

શેરબજારમાં આજે જોરદાર કડાકો બોલી ગયો હતો. કારોબારના અંતે વેચવાલી વચ્ચે સેંસેક્સ ૩૫૬ પોઈન્ટ ઘટીને ૩૭૮૦૯ની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૦૩ પોઈન્ટ ઘટીને ૧૧૩૫૪ની નીચી સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૧૬૦ પોઈન્ટનો અથવા તો એક ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૪૯૧૬ રહી હતી જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ ૧૭૧ પોઈન્ટ અથવા તો એક ટકા ઘટીને ૧૪૫૮૮ની સપાટીએ રહ્યો હતો. જેટ એરવેઝના શેરમાં આજે ૧૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો. નરેશ ગોયેલ અને તેના પત્નિ અનિતા ગોયેલે રોકડ કટોકટીના અહેવાલ વચ્ચે આજે રાજીનામા આપી દીધા હતા. બોર્ડમાંથી રાજીનામુ આપવામાં આવ્યા બાદ જેટ એરવેઝના શેરમાં જોરદાર તેજી જામી હતી. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો રિયાલીટી અને પીએસયુ બેંકના શેરમાં જોરદાર તેજી રહી હતી. મૂડીરોકાણકારો આજે કારોબારને લઈને ખુબ સાવધાન રહ્યા હતા.

## જેટ એરવેઝના ચેરમેનપદેથી નરેશ ગોયલનું રાજીનામુ

**જેટ એરવેઝ ઉપર હાલ ૨૬ બેંકોનું ૮૦૦૦ કરોડનું દેવું**



નવીદિલ્હી, તા. ૨૫

દેવા હેઠળ ડૂબેલા જેટ એરવેઝના ચેરમેન નરેશ ગોયેલ અને તેમના પત્નિ અનિતા ગોયેલે આજે બોર્ડમાંથી રાજીનામા આપી દીધા હતા. નરેશ ગોયેલે કંપનીના ચેરમેન પદેથી પણ રાજીનામુ આપી દીધું છે. આ પહેલા ગોયેલે પોતે રાજીનામુ આપી દેવાની ઓફર કરી હતી. નરેશ ગોયેલ જેટ એરવેઝના મુખ્ય પ્રમોટરો પૈકી એક છે. સંકટ વચ્ચે કર્મચારીઓને ભાવનાશીલ પત્ર લખીને કહ્યું હતું કે, તેઓ કોઈપણ બલિદાન આપવા માટે તૈયાર છે. જેટે બોમ્બે સ્ટોક એક્સચેંજને આપેલી માહિતીમાં કહ્યું છે કે, એસબીઆઈના નેતૃત્વમાં જેટના કરદાતા ડેટ ઈન્સ્ટ્રુમેન્ટ મારફતે કંપનીમાં ૧૫૦૦ કરોડ રૂપિયા આપશે. જેટે એમ પણ કહ્યું છે કે, કરદાતાઓના નેતૃત્વમાં એક વચગાળાના મેનેજમેન્ટ કમિટિની રચના કરવામાં આવી ચુકી છે. જે કંપનીના દરરોજના કામકાજ અને કેસ ફલો ઉપર નજર રાખશે. જેટ એરવેઝના કરદાતાઓએ કંપનીના અંકુશને હાથમાં લઈ લીધા બાદ આને લઈને ચર્ચા ચાલી રહી છે. ૧.૧૪ કરોડ શેર જારી કરવામાં આવ્યા છે. કરદાતા કંપની માટે એક નવી વ્યૂહાત્મક પાર્ટનર શોધી કાઢવા માટે તૈયારી કરવામાં આવી છે. મામલા સાથે જોડાયેલા લોકોનું કહેવું છે કે, કરદાતાઓની પાસે હવે જેટના અડધાથી પણ વધારે શેર રહેશે જ્યારે ગોયેલની હિસ્સેદારી ૫૦.૧ની અડધી થશે. લાંબા સમયથી જેટ એરવેઝ નાણાંકીય સંકટનો સામનો કરી રહ્યા છે. જે કંપનીઓ પાસેથી વિમાન લેવામાં આવ્યા છે તેમના ભાડા અટવાયેલા છે. કર્મચારીઓના પગાર પણ અટવાયેલા છે. નરેશ ગોયેલ દૂર થઈ ગયા બાદ જેટના લોકોએ જુદી જુદી પ્રતિક્રિયાઓ આપી છે. જેટ એરવેઝને ઈમરજન્સી ફંડ મળે તેમ પણ માનવામાં આવે છે. જેટ એરવેઝ પર હાલમાં ૨૬ બેંકોનું દેવું છે. એરલાઈન્સ ઉપર ૮૦૦૦ કરોડ રૂપિયાનું દેવું છે.

# અમરોહાથી ચૂંટણી લડવા રાશિદ આલ્વીનો ઈનકાર

**કોંગ્રેસ પાર્ટીને ચૂંટણી પહેલા મોટો ફટકો : ટિકિટ મળવામાં વિલંબ કરાતાં આલ્વીએ ચૂંટણી લડવાનો ઇન્કાર કર્યો : સચિન ચૌધરીને ઉમેદવાર બનાવવા નિર્ણય**



અમરોહા, તા. ૨૫

લોકસભા ચૂંટણીમાં ઉત્તરપ્રદેશની અમરોહા સીટથી કોંગ્રેસના ઉમેદવાર રાશિદ આલ્વીએ ચૂંટણી લડવાનો ઈન્કાર કરી દીધો છે. કોંગ્રેસ પાર્ટીના અનેક ઉમેદવારો આ વખતે ચૂંટણી લડવાનો ઈન્કાર કરી રહ્યા છે જેના પરિણામ સ્વરુપે કોંગ્રેસની મુશ્કેલી વધી રહી છે. કોંગ્રેસે રાશિદ આલ્વીના વલણના સંદર્ભમાં કોઈ પ્રતિક્રિયા આપી નથી. રાશિદ આલ્વીએ ચૂંટણી નહીં લડવા પાછળ કોઈ નક્કર કારણો આપ્યા નથી. સૂત્રોના કહેવા મુજબ તેઓ ટિકિટ મળવામાં વિલંબને લઈને ભારે નારાજ દેખાઈ રહ્યા હતા. હવે સચિન ચૌધરીને કોંગ્રેસે અમરોહા સીટ પરથી ઉમેદવાર બનાવવાનો નિર્ણય કર્યો છે. રાશિદ આલ્વી ઉત્તરપ્રદેશ કોંગ્રેસની ઘોષણાપત્ર સમિતિના ચેરમેન રહી ચુકયા છે. અમરોહામાંથી ઉમેદવારી નહીં કરવાના નિર્ણય બાદ કોંગ્રેસની મુશ્કેલી વધી ગઈ છે. રાશિદ આલ્વીએ કહ્યું છે કે, તેઓ ચૂંટણી લડવા જઈ રહ્યા નથી. હાલમાં અંગત કારણો આલ્વીએ આપ્યા છે.

## યુપીમાં રાજભરેએ ભાજપ પાસે પાંચ બેઠકો માંગી

નવીદિલ્હી, તા. ૨૫

ઉત્તરપ્રદેશમાં યોગી સરકારમાં મંત્રી અને સોહેલદેવ ભારતીય સમાજ પાર્ટીના અધ્યક્ષ એમ પ્રકાશ રાજભરે આજે ભારતીય જનતા પાર્ટીને ચેતવણી આપી હતી કે, ૨૬મી માર્ચ સુધી ભાજપ તેમને પાંચ લોકસભા સીટ નહીં આપે તો છેડો ફાડી લેશે. અત્રે નોંધનીય છે કે, ઉત્તરપ્રદેશની યોગી સરકારમાં મંત્રી રહી ચુકેલા ઓપી રાજભર અનેક વખત સીટોને લઈને ભાજપને ચેતવણી આપી ચુક્યા છે. રાજભરે કહ્યું છે કે, ભાજપ તરફથી સમજૂતિમાં આપવામાં આવતી પાંચ લોકસભા સીટોની જાહેરાત કરે તેવી અમારી ઈચ્છા છે. ૨૬મી માર્ચ સુધી પાંચ સીટો નહીં મળે તો અમારા રસ્તા અલગ રહેશે. એવું પણ જાણવા મળી રહ્યું છે કે, રાજભર કોંગ્રેસમાં સામેલ થઈ શકે છે. તેમનું કહેવું છે કે, અમારા તમામ વિકલ્પો ખુલ્લા છે.

## પ્રથમ તબક્કા માટે ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા સંપન્ન

**આજે ૯૧ બેઠકોના ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરાશે ૨૮ માર્ચ સુધી ઉમેદવારી પાછી ખેંચી શકાશે : ૧૮ રાજ્ય, બે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ૧૧મીએ પ્રથમ દોરમાં મતદાન**

નવીદિલ્હી, તા. ૨૫

૨૦ રાજ્યોને આવરી લેતી લોકસભાની ૯૧ સીટો ઉપર ઉમેદવારીપત્ર દાખલ કરવાની પ્રક્રિયા આજે વિધિવતરીતે પૂર્ણ થઈ હતી. હવે આવતીકાલે ઉમેદવારીપત્રોની ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ૨૮મી માર્ચ સુધી ઉમેદવારો તેમના ઉમેદવારીપત્રો પાછા ખેંચી શકશે. પ્રથમ તબક્કામાં ૧૧મી એપ્રિલના દિવસે મતદાન થશે. પ્રથમ તબક્કા માટે ઉમેદવારીપત્ર નોંધાવનાર ઉમેદવારો કેટલા છે તે અંગેના આંકડા પ્રાથમિકરીતે મળી શક્યા નથી પરંતુ એક વખતે ઉમેદવારીપત્રો ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ જ પ્રથમ તબક્કામાં કેટલા ઉમેદવાર મેદાનમાં રહ્યા તે અંગે ચિત્ર સ્પષ્ટ થશે. પ્રથમ તબક્કામાં ૧૮ રાજ્યો અને બે કેન્દ્ર શાસિત પ્રદેશો રહેલા છે. પ્રથમ તબક્કામાં આંધ્રપ્રદેશ-૨૫, અરુણાચલ ૨, આસામ-૫, બિહાર-૪, છત્તીસગઢ-૧, જમ્મુ કાશ્મીર-૨, મહારાષ્ટ્ર-૭, મણિપુર-૧, મેઘાલય-૨, મિઝોરમ-૧, નાગાલેન્ડ-૧, ઓરિસ્સા-૪, સિક્કિમ-૧, તેલંગાણા-૧૭, ત્રિપુરા-૧, ઉત્તરપ્રદેશ-૧૦, ઉત્તરાખંડ-૫, પશ્ચિમ બંગાળ-૨, આંદામાન અને નિકોબાર-૧, લક્ષદ્વિપ-૪ સીટ પર મતદાન થનાર છે. આ ઉપરાંત ઉત્તરપ્રદેશની આઠ, બંગાળની બે સીટો પર મતદાન થનાર છે.

તા.૧/૪, સોમવારથી શરૂ થતી વેકેશન બેચીઝમાં જોડાઈ...
કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો
નાણાવટી
The Leader since 1996
અરિહંત તથા ઘ-૨ સર્કલ વચ્ચે, ઘ-રોડ, સે-૭/બી.
મો.૯૬૨૪૦ ૧૦૫૫૫ (૨૪X૭) ઓફિસ સમય : સવારે ૮ થી ૨, સાંજે ૪ થી ૮
For more details : www.nanavatisworld.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

જોઈએ છે
રિસેપ્શનીસ્ટ
ડેન્ટલ ક્લીનીક માટે
: લાયકાત :
કોમ્પ્યુટર જ્ઞાન અને સારો સંચાર કૌશલ
સરનામું
૧૩૮, રાધે સ્કવેર, પ્રમુખ આર્કેડની સામે, કુડાસણ, ટીસીએસ રોડ, રીલાયન્સ ચાર રસ્તા, કુડાસણ, ગાંધીનગર -૩૮૨૪૨૧
સંપર્ક : મો. ૭૨૨૮૮૧૦૯૦૪
Email : drbhagyashreeacharya@yahoo.in